# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-10-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1. ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણને આર્થિક સ્થિતિસ્થાપકતાને સામાજિક સ્થિતિસ્થાપકતાથી અલગ કરી શકાતી નથી તેમ ભારપૂર્વક જણાવ્યું.
2. વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે ભારત વૈશ્વિક અર્થવ્યવસ્થાઓ સાથે મુક્ત વેપાર સંબંધોનું નેટવર્ક રચી રહ્યું હોવાનું કહ્યું.
3. હોર્મુઝ સામુદ્રધુનીમાં કુવૈતના ટેન્કરને ટક્કર બાદ પાંચ ભારતીય નાગરિકોને બચાવી લેવાયા.
4. ફ્લાયદુબઈ ફ્લાઇટમાં હુમલાની ઘટનાની પ્રાથમિક તપાસમાં કો-પાયલટે આતંકવાદી કૃત્ય કરવાનો પ્રયાસ કર્યો હોવાનું યુએઇએ જણાવ્યું.
5. એશિયમ ગેમ્સ ક્રિકેટમાં ભારતે આપેલા જીત માટેના 212 રનના લક્ષ્યાંક સામે પાકિસ્તાનનો સંઘર્ષ.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...**

# VP-KAUTILYA CONCLAVE (EARLY)

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણને ઝડપથી બદલાતી દુનિયામાં સમાવેશ એ સ્થિતિસ્થાપકતાનો પાયો હોવા પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે, આર્થિક સ્થિતિસ્થાપકતાને સામાજિક સ્થિતિસ્થાપકતાથી અલગ કરી શકાતી નથી.

શ્રી રાધાકૃષ્ણને આજે નવી દિલ્હીમાં 5મા કૌટિલ્ય આર્થિક સંમેલનમાં ઉદ્ઘાટન ભાષણ દરમિયાન આમ જણાવ્યું હતું. 'પ્રવાહના યુગમાં સ્થિતિસ્થાપકતા' વિષય પરના સંમેલનમાં ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, સાચી સ્થિતિસ્થાપકતાએ સુનિશ્ચિત કરવામાં રહેલી છે કે કોઈ પણ નાગરિક, ઉદ્યોગ અથવા પ્રદેશ પાછળ ન રહે.

તેમણે 2047 સુધીમાં વિકસીત  ભારત બનાવવા માટે સામૂહિક પ્રયાસો કરવા હાકલ કરી. તેમણે કહ્યું કે કટોકટીના સમયમાં, સર્વસંમતિ પર આધારિત નિર્ણયોની વધુ જરૂર હોય છે.

# GOYAL ECONOMY CHICAGO

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે, ભારત મુક્ત વેપાર સંબંધોનું નેટવર્ક બનાવી રહ્યું છે જે વિશ્વની લગભગ 75 થી 80 ટકા અર્થવ્યવસ્થાઓને આવરી શકે છે. શિકાગોમાં યુએસ ઇન્ડિયન કોમ્યુનિટી ફાઉન્ડેશન દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધતા, શ્રી ગોયલે કહ્યું કે ભારતે તાજેતરના વર્ષોમાં તેની વેપાર વાટાઘાટોનો નોંધપાત્ર વિસ્તાર કર્યો છે. તેમણે કહ્યું કે, વધતા નેટવર્કથી ભારતમાં કાર્યરત કંપનીઓને ઘણા મોટા આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રવેશ મળશે.

શ્રી ગોયલે કહ્યું કે, 2014 પહેલા ભારત પાસે GDP માં લગભગ 10 ટ્રિલિયન ડોલરનું પ્રતિનિધિત્વ કરતી અર્થવ્યવસ્થાઓ સાથે મુક્ત વેપાર કરાર હતા. છેલ્લા ચારથી સાડા ચાર વર્ષોમાં, ભારતે 31 વિકસિત અને વિકાસશીલ દેશો સાથે મુક્ત વેપાર કરારો કરવાનું નક્કી કર્યું છે, જેમાં GDP માં લગભગ 60 ટ્રિલિયન ડોલરના અર્થતંત્રોને આવરી લેવામાં આવ્યા છે.

# GOYAL- ICAI

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ભારત-અમેરિકન આર્થિક ભાગીદારીને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે, જે વ્યવસાયોને સરહદ પાર કરવેરા, નિયમનકારી પાલન અને નાણાકીય વ્યવસ્થાપનમાં મદદ કરે છે અને ભારતીય સાહસોને વૈશ્વિક મૂડી રોકાણ માટે તૈયાર કરે છે.

તેમણે શિકાગો, મિશિગન અને ઓહિયો શાખાઓના ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સના નેતૃત્વ અને સભ્યો સાથેની વાતચીત દરમિયાન આમ જણાવ્યું હતું.

શ્રી ગોયલે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે બેઠકમાં ભારત-અમેરિકન આર્થિક ભાગીદારીને વિસ્તૃત કરવાની તકો પર ચર્ચા કરવામાં આવી હતી.

# SHAH-NAVPREET SINGH

નશાકારક પદાર્થોની હેરાફેરી કરનારા મુખ્ય આરોપી નવપ્રીત સિંહને તુર્કીથી દેશનિકાલ કરીને ભારત પ્રત્યાર્પણ કરાયો. ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે આ એક ઐતિહાસિક સિદ્ધિ છે. નવપ્રીત સિંહ તુર્કી નાગરિકતા મેળવીને અફઘાનિસ્તાનથી ભારતમાં નશાકારક પદાર્થોની દાણચોરી કરતો હતો.

શ્રી શાહે જણાવ્યું કે એજન્સીઓએ તેની સાચી ઓળખ ઉજાગર કરવા અને તેને તુર્કીમાંથી દેશનિકાલ કરવા માટે તમામ પ્રયાસો કર્યા હતા અને તેને નશાકરક પદાર્થોની હેરાફેરી અને અન્ય ગુનાઓ સંબંધિત આરોપો હેઠળ ભારત પરત લાવવામાં આવ્યો છે.

આ સફળતા માટે તમામ એજન્સીઓને અભિનંદન આપતા તેમણે જણાવ્યું કે, સરકાર ડિસેમ્બર 2029 પહેલા દરેક ડ્રગ ગેંગનો નાશ કરવા માટે પ્રતિબદ્ધ છે.

# SEVA SANKALP ABHIYAN NAMO DRONE DIDI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાહેર સેવાના 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. જન સેવાથી દેશ સેવાના મંત્ર અને સુશાસન પ્રત્યે સતત પ્રતિબદ્ધતા દ્વારા સરકાર 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને પૂર્ણ કરવા અવિરત કાર્ય કરી રહી છે.

આજે અમારી ખાસ શ્રેણીમાં જોઈશું કે ગ્રામીણ ભારતમાં મહિલાઓ હવે પરંપરાગત ખેતી સુધી મર્યાદિત નથી. તેઓ આધુનિક કૃષિ ટેકનોલોજીનો ઉપયોગ કરીને સેવા પ્રદાતા બની છે. "નમો ડ્રોન દીદી" યોજના આ પરિવર્તનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

## VC – JAYESH VEGDA

*(કૃષિ ક્ષેત્રમાં મહિલાઓને ડ્રોન ટેકનોલોજી સાથે જોડવાના ઉદ્દેશ્યથી નવેમ્બર 2023 માં કેન્દ્રીય મંત્રીમંડળે આ યોજનાને મંજૂરી આપી હતી. છેલ્લા 3 વર્ષમાં આ યોજના માટે એક હજાર 261 કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો છે. આ યોજના હેઠળ સરકાર પસંદગીની મહિલાઓને 15 હજાર કૃષિ ડ્રોન પૂરા પાડવાનું લક્ષ્ય રાખે છે. આ યોજના મહિલાઓને ડ્રોન સેવા પ્રદાતા તરીકે કામ કરવા સક્ષમ બનાવીને તેમના માટે નવી આજીવિકાની તકો ઊભી કરવાનો પ્રયાસ કરે છે. તેઓ ભાડાના ધોરણે ખેડૂતોને પ્રવાહી ખાતર અને જંતુનાશકો માટે ડ્રોન આધારિત છંટકાવ સેવાઓ પ્રદાન કરી શકે છે. આ ખેતીની કામગીરીમાં કાર્યક્ષમતા સુધારવામાં અને સંચાલન ખર્ચ ઘટાડવામાં મદદ કરી શકે છે. આ યોજના હેઠળ, પસંદગીની મહિલાઓ ડ્રોન અને તેની સાથે સંકળાયેલ સાધનોની કિંમતના 80 ટકા સુધીની કેન્દ્રીય નાણાકીય સહાય માટે પાત્ર છે, જે મહત્તમ આઠ લાખ રૂપિયા સુધીની છે. વર્ષ 2023-24માં ખાતર કંપનીઓએ તેમના પોતાના સંસાધનોમાંથી મહિલાઓને એક હજાર 94 ડ્રોનનું વિતરણ કર્યું. રાજસ્થાનના સવાઈ માધોપુર જિલ્લાની નમો ડ્રોન દીદી પૂજા કહે છે કે તાલીમથી તેના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે અને તેના પરિવારને આર્થિક સહાય પણ મળી છે.*

*બાઇટ – પૂજા*

*જિતેન્દ્ર દ્વિવેદીના રિપોર્ટ સાથે, જયેશ વેગડા આકાશવાણી સમાચાર અમદાવાદ)*

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# HORMUZ INDIANS RESCUED

હોર્મુઝ સામુદ્રધુનીમાં કુવૈતના ટેન્કરને ગોળા દ્વારા ટક્કર મારવામાં આવ્યા બાદ પાંચ ભારતીય નાગરિકોને બચાવી લેવાયા છે. ઓમાન ખાતેના ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા X પર જણાવ્યું કે તેમણે MT કાઝીમાહ III પર સવાર પાંચ ભારતીયોના બચાવનું સંકલન કર્યું હતું, જેમને સુરક્ષિત રીતે કિનારે લાવવામાં આવ્યા હતા.

મિશન દ્વારા બચાવ કામગીરી દરમિયાન ઓમાની અધિકારીઓના સતત સમર્થન અને સહાય માટે તેમણે આભાર માન્યો હતો. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે ભારતીય ખલાસીઓને લઈ જતા અનેક વ્યાપારી જહાજો પર હુમલો થયો છે.

# UAE FLYDUBAI INVESTIGATION

ફ્લાયદુબઈ ફ્લાઇટ FZ-1073 ઘટનાની તપાસમાં કો-પાયલટે આતંકવાદી કૃત્ય કરવાનો પ્રયાસ કર્યો હોવાનું જણાયું છે. સંયુક્ત આરબ અમીરાત UAEના એટર્ની-જનરલ, કાઉન્સેલર ડૉ. હમાદ સૈફ અલ શમ્સીએ આમ જણાવ્યું.

અમીરાત ન્યૂઝ એજન્સીએ તેમને ટાંકીને કહ્યું કે, કો-પાયલટે ફ્લાઇટ ડેકની અંદર કેપ્ટન પર હુમલો કરીને વિમાનનું નિયંત્રણ લેવાનો પ્રયાસ કર્યો હતો. આ અંગે વધુ તપાસ ચાલી રહી છે, જ્યારે ભૌતિક અને ડિજિટલ પુરાવાઓનું ટેકનિકલ પરીક્ષણ અને વિશ્લેષણ પણ ચાલી રહ્યું છે.

એટર્ની-જનરલએ જણાવ્યું હતું કે, તમામ જરૂરી પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ અંતિમ તારણો જાહેર કરાશે.

# ASIAN GAMES CRICKET

એશિયન ગેમ્સની સુવર્ણ ચંદ્રક માટેની ક્રિકેટ મેચમાં ભારતે પાકિસ્તાન સામે જીત માટે 212 રનનુ લક્ષ્યાંક મુક્યુ છે. જીત માટે પાકિસ્તાનની ટીમ સંઘર્ષ કરી રહી છે. સસ્તામાં ત્રણ વિકેટ પડ્યા બાદ પાકિસ્તાનને છેલ્લા અહેવાલ મળ્યાં ત્યારે 19 ઓવરમાં 5 વિકેટે 179 રન કર્યા હતા.

# ASIAN GAME- GOLF

જાપાનમાં રમાઈ રહેલી એશિયન ગેમ્સમાં ભારતનું પ્રભાવશાળી પ્રદર્શન ચાલુ છે. 14મા દિવસે ભારતીય ખેલાડીઓએ બોક્સિંગ, કુસ્તી અને તીરંદાજીમાં અનેક મેડલ જીત્યા.

સાંભળીએ એક અહેવાલ........

VC: FARHAT